# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી – તા. 23/04/2014

અરૂણ જેટલી
(વિપક્ષી નેતા, રાજ્યસભા)

**શ્રીમતી પ્રિયંકા વડેરાનું દુઃખ**
શ્રીમતી પ્રિયંકા વડેરા પોતે રાજકારણમાં ન હોવાનો દાવો કરે છે. તેઓ પોતાની માતા અને ભાઈને તેમના મતવિસ્તારોમાં ચૂંટણી પ્રચારમાં મદદ કરે છે અને તેમ કરવાનો તેમને અધિકાર છે. ગઈકાલે, તેમણે પોતાના મૂડીરોકાણોના ચગેલા વિવાદ અંગે દુઃખ વ્યક્ત કર્યું, જેને તેમણે તેમના પતિ શ્રી રોબર્ટ વડેરા પરના વ્યક્તિગત હુમલાઓ તરીકે ગણાવ્યા. પ્રથમ દૃષ્ટિએ, તે મૂળ મૂડી અને અભૂતપૂર્વ વળતર મેળવવાના મૂડીરોકાણનો કેસ છે. સ્વાભાવિક રીતે જે કંઈ દેખાય છે તેના કરતાં ઘણું વધારે હોઈ શકે છે.
શ્રીમતી વડેરાએ એવો મત વ્યક્ત કર્યો છે કે આવા વ્યક્તિગત હુમલાઓથી લોકલાગણી દુભાઈ શકે છે તે સાચું છે. તેમના રાજકીય મિત્રોએ પણ આ બાબતનો ખ્યાલ રાખવો જોઈએ. તેમના ભાઈએ આવો ખ્યાલ રાખ્યો હોત તો તેઓ જાહેરમાં શ્રી નરેન્દ્ર મોદીના બાળ લગ્નનો મુદ્દો ન ઊઠાવ્યો હોત. કોંગ્રેસ પક્ષે આગાઉ એક "જાસુસીકાંડ"નો મુદ્દો ઉછાળ્યો હતો. કોંગ્રેસ પક્ષે જૂઠાણું અને બનાવટી બાબતો પર આધારિત અભિયાન 12 વર્ષ ચલાવ્યું. તેમની માતાને આ બાબતનો ખ્યાલ હોત તો તેમણે શ્રી નરેન્દ્ર મોદીને "મૌત કા સોદાગર" કહ્યા ન હોત.
હું સંપૂર્ણપણે એ વાત સાથે સહમત છું કે આવા વ્યક્તિગત હુમલાઓથી લોકલાગણી દુભાઈ શકે છે. પરંતુ સારી સલાહ આપવાની શરૂઆત હંમેશા પોતાના ઘરથી જ તેના અમલ સાથે થાય છે.

**આપ પક્ષની ધર્મનિરપેક્ષતા**
દિલ્હી વિધાનસભાની ચૂંટણી વખતે આપ પક્ષની સ્થિતિ જેટલી મજબુત હતી, એનાથી વિપરિત પરિસ્થિતિ લોકસભાની ચૂંટણીમાં જોવા મળશે. દિલ્હીમાં આપ પક્ષનું શાસન વિનાશક બની રહ્યું હતું. તેઓએ ફક્ત રાજકીય સાહસ રજૂ કર્યું. તેની વિચારધારા

લોકપ્રિયતા આધારિત હતી, માત્ર મતલક્ષી હતી. તેઓ અત્યંત તકવાદી નિવડ્યા. તેમના એક મહિલા પ્રતિનિધિ હવે તેમના જૂથને કહે છે કે બિનસાંપ્રદાયિક અભિગમ અપનાવો અને વધુ કોમી અભિગમ અપનાવવાનું બંધ કરો. એક રાજકીય પક્ષ અથવા તેના પ્રતિનિધિઓ આવી ટીપ્પણીઓ કરી શકે નહિ . આવી ટિપ્પણીઓ તેમની માનસિકતા દર્શાવે છે. આપ કથિત "આદર્શવાદ" ધરાવતો પક્ષ હોવાનું લેબલ મૂકવામાં આવ્યું હતું. તે મુખવટો હવે દૂર થઈ રહ્યો છે.

**હમ્પટી ડમ્પટી**

લુઈસ કેરોલના "થ્રુ ધ લૂકિંગ ગ્લાસ"માં હમ્પટી ડમ્પટી શબ્દ વાપરવામાં આવેલો છે, તે શબ્દ મને પસંદ છે. "તમે તે શબ્દના ઘણી વિવિધ વસ્તુઓ એવો અર્થ કરી શકો છો" એવું અલાઈસે કહ્યું હતું. હમ્પટી ડમ્પટી બધી બાબતોમાં નિપુણ હોય છે.
કેપ્ટને પંજાબમાં મિલકત વેરા માટેની દરખાસ્ત મંજૂર કર્યાનો આક્ષેપ મેં કર્યો હોવાથી તેમણે મને "ત્રીજા દરજ્જાના ખોટાબોલા" ગણાવ્યા છે. હવે તેઓ એવો દાવો કરે છે કે તે દરખાસ્ત પર મુખ્ય સચિવે હસ્તાક્ષર કર્યા હતા. કેપ્ટનની સહી સાથેની લેખિત નોંધ મારા હાથમાં આવી હતી. 7મી ડિસેમ્બરે અમરીન્દર સિંહે મિલકત વેરા નવીનીકરણ માટે કેન્દ્રીય અનુદાન મેળવવા તેને પૂર્વવર્તી શહેરી પંજાબમાં લાદવામાં આવશે એવી ખાતરી કેન્દ્ર સરકારને વર્ષ 2006માં આપી હતી. હમ્પટી ડમ્પટી હસ્તાક્ષર કરે ત્યારે તેમાં કંઈક હેતુ હોય છે. તેમણે એવું પણ કહ્યું હતું કે જગદીશ ટાઈટલર વર્ષ 1984ના રમખાણો સાથે સંકળાયેલા નથી પણ હવે તેઓ કહે છે કે મેં તેમને કદીપણ ક્લિન ચીટ આપી નથી. સાહિત્ય અને વાસ્તવિક જીવનમાં હમ્પટી ડમ્પટી વચ્ચે આટલું અંતર છે.